અપીલ અરજી નં.૧૭૦ તા.૧૫–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ઈન્ટરનેશનલ બીઝનેસ સેન્ટર, ટીપીએસ નં. ૬, પીપલોદ,(૨) એસએનએસ સીનર્જી, લેન્ડમાર્ક હોન્ડા પાસે, ગૌરવપથ, ડુમસ રોડ,(૩) વેલેન્ટાઈન સિનેમા પાછળ, રીવર પેલેસ તથા તેની બાજુમાં અને તેની સામે, તેમ કુલ ત્રણ બાંધકામો,(૪) લકઝરીયા બીઝનેસ હબ,ટીપી નં.૩(રૂંઢ),(૫) મેપલ લીફ, ટીપી–૩(રૂંઢ). ઊપરોકત મુજબનાં તમામ બાંધકામ હાલમાં ચાલું હોઈ, આ બાબતની બાંધકામ પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૦/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ઈન્ટરનેશનલ બીઝનેસ સેન્ટર, ટીપીએસ નં. ૬, પીપલોદ,(૨) એસએનએસ સીનર્જી, લેન્ડમાર્ક હોન્ડા પાસે,ગૌરવપથ, ડુમસ રોડ,(૩) વેલેન્ટાઈન સિનેમા પાછળ, રીવર પેલેસ તથા તેની બાજુમાં અને તેની સામે, તેમ કુલ ત્રણ બાંધકામો,(૪) લકઝરીયા બીઝનેસ હબ,ટીપી નં.૩(રૂંઢ),(૫) મેપલ લીફ, ટીપી–૩(રૂંઢ). ઉપરોકત મુજબનાં તમામ બાંધકામ હાલમાં ચાલું હોઈ, આ બાબતની બાંધકામ પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબતે માંગેલ માહિતી મળી ન હોવાનું અને ગોળ ગોળ જવાબ આપેલા હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારે માંગેલ આંકડાકીય વિગતો પ્લાન– રજાચિઠ્ઠી ફાઈલ સિવાય અલાયદી રજીસ્ટરમાં નોંધાય છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૧ તા.૨૬–૭–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને રજાચિઠ્ઠી જે માંગેલ છે તે ફી ભરી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૯ તા.૨–૮–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૫૪ તા.૧૩–૬–૧૧ ના પત્રથી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસને વિલંબથી તબદીલ કરેલ પત્રની નકલ ,અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૧૯ તા.૨૭–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩–૮–૧૧ નો પત્ર પૂરક વિગતમાં મળેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફે પત્ર નં.૩ર તા.૨૦–૮–૧૧ થી વિકાસ નિયંત્રણ હેઠળ રજાચિઠ્ઠી પ્રદર્શિત કરવાની તથા મ્યુ. કમિ.શ્રીના તા.૧૩–૧–૯૮ ની નોધની નકલ મોકલેલ છે.

અરજદારની તા.૩૧–૫–૧૧ ની અરજીથી અઠવા વિસ્તારના બાંધકામો બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૨૫૪ તા.૧૩–૬–૧૧ ના પત્રથી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસને કલમ–૬(૩) ની જોગવાઈ વિરુધ્ધ વિલંબથી તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૧૯ તા.૨૭–૬–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૧ ઈન્ટરનેશનલ બીઝનેસ સેન્ટર, ટીપીએસ નં. ૬, પીપલોદ બાંધકામની માહિતી અંગે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટી.પી. સ્કીમ નં.૬ (પીપલોદ) ફા.પ્લોટ નં.૧૩૪ વાળી મિલ્કતમાં ટીડીઓ/ડીપી નં.૧૭૫ તા.૮–૧૦–૧૦ થી ત્રણ ભાગલા કરી તે પૈકીના સબ પ્લોટ નં.૧૩૪/સી વાળી મિલ્કતમાં

ટીડીઓ/ડીપી નં.૧૭૬, તા.૮–૧૦–૧૦ થી હાઈરાઈઝ કોમર્શીયલ બાંધકામના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૪ ની નકલો નકલ ફી ના રૂા.૧૩૫૪/– (અંકે રૂપિયા એક હજાર ત્રણ સો ચોપ્પન પુરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) એસએનએસ સીનર્જી, લેન્ડમાર્ક હોન્ડા પાસ ે,ગૌરવપથ, ડુમસ રોડ, ના બાંધકામની માહિતી અંગે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૩૭+૩૮ સબ પ્લોટ નં.૫ વાળી મિલ્કતમાં લો રાઈઝ કોમર્શીયલ પ્રકારના બાંધકામના પ્લાન ટીડીઓ/ડીપી નં.૧૭૪ તા.૮–૧૦–૧૦ થી મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૫ ની નકલો નકલ ફી ના રૂા.૪૫૨/– (અંકે રૂપિયા ચારસો બાવન પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૩) વેલેન્ટાઈન સિનેમા પાછળ, રીવર પેલેસ તથા તેની બાજુમાં અને તેની સામે, તેમ કુલ ત્રણ બાંધકામો, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી (૧) ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૧૭+!૮ વાળી રીવર પેલેસ નામે ઓળખાતી મિલ્કતમાં ટીડીઓ/ડીપી નં.૧૨૩ તા.૨૭–૭–૧૦ થી એકત્રીકરણ કરી જે મુજબના રેસીડેન્સીયલ બાંધકામના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૩ ની નકલો નકલ ફી ના રૂા.૧૦૫૪/– (અંકે રૂપિયા એક હજાર ચોપ્પન પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. (૨) ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૧૯ માં ઓમ પેલેસ નામે ઓળખાતી મિલ્કતમાં ટીડીઓ/ડીપી નં.૨૩૪ તા.૧૮–૧૧–૦૯ થી હાઈરાઈઝ રેસીડેન્સીયલ બાંધકામના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૬ ની નકલો નકલ ફી ના રૂા.૪૪૨/– (અંકે રૂપિયા ચારસો બેતાલીસ પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. (૩) ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૧૦+૧૧ વાળી સ્વસ્તિક યુનીવર્સલના નામે ઓળખાતી મિલ્કતમાં ટીડીઓ/ડીપી નં.૬૧ તા.૨૪–૦૫–૧૦ થી હાઈરાઈઝ કોમર્શીયલ બાંધકામના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૪ ની નકલો નકલ ફી ના રૂા.૧૪૦૨/– (અંકે રૂપિયા એક હજાર ચારસો બે પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૪) લકઝરીયા બીઝનેસ હબ,ટીપી નં.૩(રૂંઢ), બાંધકામ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૪૯+૫૦+૫૧ +૫૨ +૫૪ સબ પ્લોટ નં.૨ વાળી લકઝરીયા બીઝનેશ હબ નામે ઓળખાતી મિલ્કતના ટીડીઓ/ડીપી નં.૨ તા.૧૧–૪–૧૧ થી હાઈરાઈઝ કોમર્શીયલ બિલ્કડીંગના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૦ ની નકલો નકલ ફી ના રૂા.૧૦૦૨/– (અંકે રૂપિયા એક હજાર બે પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) મેપલ લીફ, ટીપી–૩(રૂંઢ). ઉપરોકત મુજબનાં તમામ બાંધકામ હાલમાં ચાલું હોઈ, આ બાબતની બાંધકામ પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ માલિકો, તથા મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી તરફથી મેળવવાની થતી મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સી.ઓ.પી.ની છોડવાની થતી જગ્યા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) ફા.પ્લોટ નં.૫૫+૫૬+૫૮ વાળી મેપલ લીફ નામે ઓળખાતી મિલ્કતના ટીડીઓ/ડીપી નં.૪ તા.૦૯–૪–૧૦ થી એકત્રીકરણ કરી તે મુજબના એકત્રીત પ્લોટમાં ટીડીઓ/ડીપી નં.૫ તા.૯–૪–૧૦ થી રેસીડેન્સીયલ પ્રકારના બાંધકામ પ્લાનો મંજુર કરવામાં આવેલ જેની રજાચિઠ્ઠી તથા પ્લા નંગ–૧૩ ની નકલ, નકલ ફી ના રૂા.૧૨૫૪/– (અંકે રૂપિયા એક હજાર બસો ચોપ્પન પુરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે.

આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૫ માં જુદી જુદી મિલ્કતોના બાંધકામ બાબતે માંગેલ માહિતીની મંજુરી આપવામાં આવેલ છે તેમજ તેની રજાચિઠ્ઠી તેમજ પ્લાનની નકલ માટે નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૧૫–૭–૧૧ ની અપીલ અરજીમાં નિર્દિષ્ટ પાંચ જેટલા બાંધકામોની કાયદેસરતા રજાચિઠ્ઠી બિલ્ડરો અને માલીકોની માહિતી આપેલ નથી. તેમજ અમે મુળ અરજીમાં નકશાની માંગણી કરેલ નથી જેથી જાહેર માહિતી અધિકારીએ પૈસા ભરવાનું જણાવી માહિતી આપવી ન પડે તે માટે ગોળ ગોળ જવાબ આપેલ હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે નકશાઓમાં સબ સલામત હોવાના ખોટા રીપોર્ટ ઉચ્ચ અધિકારીઓ કરતાં હતા જેઓની ભુતકાળમાં પોલ ખુલી ગઈ હોવા છતાં સુધરતા નથી. જે અંગે અરજદારે અપીલ તબકકે રજાચિઠ્ઠી અંગે ફી ભરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ તેવો પત્ર પાઠવવામાં આવેલ. જે અરજદારે તા.૩–૮–૧૧ ના પૂરક પત્રથી બાંધકામ ચાલતા હોય તો તેની રજાચિઠ્ઠી જે તે અધિકારીએ આપેલ હોય જેથી તે ચાલું બાંધકામ અંગે તમામ માહિતી અને જાણકારી અધિકારી પાસે હોવી જોઈએ. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ તમામ મિલ્કતોની રજાચિઠ્ઠી આપવાનું આપેલ માહિતીમાં જણાવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવ્યા છતાં રજાચિઠ્ઠી મેળવવાના પ્રયત્ન અંગે કોઈ વિગતો જણાવેલ નથી. પરંતુ અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી જે જે જગ્યાએ સ્થળ ઉપર રજાચિઠ્ઠી ડીસ્પ્લે નથી થયેલ તેના સર્વે નંબરો અમારા ધ્વારા લખેલ નથી તેમજ રજાચિઠ્ઠી ડીસ્પ્લે નથી કરેલ તેવી માહિતીની માંગણી કરેલ છે. જે પ્રસ્તુત કિસ્સામાં સુસંગત જણાતું નથી. વધુમાં અરજદારે અપીલમાં નકશાઓ સિવાયની માહિતીની માંગણી કરેલ છે. આથી અરજદાર રજાચિઠ્ઠીની નકલો બાબતે જાહેર માહિતી અધિકારીએ નિયત સમયમાં કરેલ દરખાસ્ત અનુસાર નાણા ભરીને માહિતી મેળવી શકે છે. જેમાં પ્લાન મંજુર કરાવનારની વિગત પણ હોવાનું અનુમાનિત છે. બાકીની નકશામાં જણાવેલ વિગતે અરજદાર ઈન્સ્પેકશન કરી માહિતી મેળવી શકે છે. વધુમાં જાહેર માહિતી અધિકારીને અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૨ તા.૯–૮–૧૧ થી

અરજદારની પૂરક રજૂઆતને ધ્યાને લઈ પાઠવેલ પત્ર " જે જે જગ્યાએ સ્થળ ઉપર રજાચિઠ્ઠી ડીસ્પ્લે નથી થયેલી તેનો જે સર્વે નંબર અમો ધ્વારા લખેલ નથી જેથી રજાચિઠ્ઠી ડીસ્પ્લે નથી કરેલ. " તે બાબત અંગે પણ તેમનો વૈધાનિક જોગવાઈ સહિત હકીકતલક્ષી પક્ષ દિન–૫ માં રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.૩૨ તા.૨૦–૮–૧૧ થી વિકાસ નિયંત્રણ હેઠળની જોગવાઈ અને મ્યુ. કમિ.શ્રીના તા.૧૩–૧–૯૮ ની નોંધની નકલ રજૂ કરેલ છે. જેમાં આ પ્રકારની રજાચિઠ્ઠી અને પ્લાન પ્રદર્શિત કરવાની જોગવાઈ છે અને તેનો અમલ થતો હોવાનું પણ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર પાસે સર્વે નંબર માંગેલ હોય તેવો કોઈ કેસ જણાતો નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે તા.૨–૮–૧૧ ની પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારે માંગેલ આંકડાકીય વિગતો પ્લાન, રજાચિઠ્ઠી ની ફાઈલ સિવાય અલાયદી રજીસ્ટરે નોંધવામાં નહીં આવતી હોવાનું પણ જણાવેલ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧/૬/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને રજાચિઠ્ઠી તથા પ્લાનની નકલ માહિતી નાંણા ભરી પૂરી પાડવામા જણાવેલ છે. પરંતુ અરજદારે નકશા સિવાયની માહિતીનો આગ્રહ અપીલ તબકકે રાખેલ છે પરંતુ નકશા સિવાયની અન્ય માહિતી જેવી કે રજાચિઠ્ઠી ધ્વારા જમીન માલીક કે બિલ્ડરના નામ અને મંજુરીની વિગતો જાણી શકાય તેવી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો નિયત સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અનુસાર જરૂરી માહિતી પૂરતો નાણાકીય રકમ આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ પ્રસ્તુત કિસ્સામાં ભરપાઈ કરી દિન–૭માં માહિતી મેળવવા સ્વતંત્ર છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને આ સિવાયની માહિતી નકશા સ્વરૂપ સિવાય પ્લાન કે ફાઈલ સિવાય રજીસ્ટરે ઉપલબ્ધ નહીં હોવાનું પૂરક વિગતોમાં જણાવેલ છે તે ધ્યાને લેતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી દફતરી તપાસણી કરી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે તેની અમલવારી કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિભાગ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ